R.N.I. No. : GUJGUJ/2000/447-
અયૂબ ૪૦ : ૧૯
Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

YEAR-26 • ISSUE: 31 DATE: 05-08-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ગુજરાતમાં રાજયસભાની ચુંટણીમાં ફાયદા માટે ભાજપ દ્વારા એમએલએના અપહરણ મામલે કોગ્રેસનો હોબાળો

ગુજરાતમાંથી ખાલી પડેલી રાજયસભાની ત્રણ સીટો માટે ગજગ્રાહ વકર્યો છે.ભાજપે રાજયસભાની ત્રણ સીટ પૈકી પ્રથમ બે સીટો પર ભાજપના પ્રમુખ અમિત શાહ, બીજા સ્મૃતિ ઈરાનીને પસંદગી આપી હતી.જયારે ત્રીજા ઉમેદવાર તરીકે કોગ્રેસમાંથી પાર્ટી બદલીને આવેલા બળવંતસિંહ રાજપુતની ઉમેદવારીને ભાજપે મહોર મારી છે.મતોનું અંકગણિતની દષ્ટિએ જો કોગ્રેસના એમએલએને યેનકેન પ્રકારે ભાજપ પોતાના ખેમામાં ખેચી લાવે તો કોગ્રેસનો ઉમેદવાર જીતી શકે નહી.કોગ્રેસ તરફથી મોટાગજાના ઉમેદવાર અહેમદ પટેલ ને ઊભા રાખવામાં આવ્યા છે.ભાજપ વિરોધીઓને યેનકેન પ્રકારે પોતાની રાજકીય લડાઈમાં નેસ્તનાબુદ કરી દેવા માંગે છે. તેમની આ સ્ટેટજીને કારણે કોગ્રેસને પોતાના એમએલએને સાચવવા અધરા થઈ ગયા છે.

જો કે વિપક્ષના નેતાપદેથી કોગ્રેસી નેતા શંકરસિંહ વાધેલાએ આપેલા રાજીનામાં બાદ ભાજપને સફળતા મળે તેવુ અંકગણિત બેસી રહ્યુ હતું.આ સમયે કેટલાક એમએલએ ગુમ થયા હોવાનો રાજયસભામાં કોગ્રેસે ઉગ્ર વિરોધ નોધાવ્યો હતો.ગૃહની કાર્યવાહીને રોકી દેવામાં આવી હતુ.કોગ્રેસના ગુલામનબી આઝાદ અને આનંદ શર્માએ આ મુદ્દો ઉઠાવીને આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં પોલીસે ધારાસભ્ય પુનાભાઈ ગામીત(વ્યારા)નું અપહરણ કરી લીધું છે.જેથી રાજયસભાની ચુંટણીમાં ભાજપને ફાયદો થાય.જો કે વિપક્ષો સામે ભાજપે વળતો પ્રહાર કર્યો હતો.

## પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને ભ્રષ્ટાચારના મામલે ખુરશી છોડવી પડી

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠરાવતાં તેઓ આ હોદ્દા માટે ગેરલાયક ઠર્યા હતા.આમ પાકિસ્તાનના લોકશાહી ઢબે ચુંટાયેલા વડાપ્રધાને પાંચ વર્ષનો સંપુર્ણ કાર્યકાળ પુરો કરી શક્યા નથી.શરીફ ત્રીજી વખત તેમનો સંપુર્ણ કાર્યકાળ પુર્ણ કરી શક્યા નથી. જો કે તેનાથી પાકિસ્તાનમાં ફરી એક વખત રાજકીય કટોકટી સર્જાઈ છે. શરીફના ભાઈ શાહબાઝ શરીફ તેમના અનુગામી બન્યા છે.હાલમાં પાકિસ્તાનનું અર્થતંત્ર ખાડે ગયેલું છે. અને તે આતંકવાદ અને આંતરીક યુધ્ધની ગર્તામાં ધકેલાઈ ગયું છે.રાજકીય અસ્થિરતાને કારણે પાડોશીઓને નુકશાનકારક છે.પરંતુ હવે શરીફ માટે પાછા ફરવું આકરુ છુ઼ં પનામા પેપર્સ લીક કેસમાં શરીફ દોષી ઠર્યા હતા. જો સુપ્રીમ કોર્ટે શરીફના સંતાનો સામે કેસ શરુ કરવાનો આદેશ આપી દીધો છે.શરીફ ગીલાની બાદ ગેરલાયક ઠરેલા બીજા પાકિસ્તાનના વડા પ્રધાન છે.પાકિસ્તાનના ઈતિહાસમાં અત્યાર સુધધી કોઈપણ વડાપ્રધાન લશ્કરી,ન્યાયિક અથવા પોતાની પાર્ટી દ્વારા હકાલપટ્ટી સહિતના અનેક કારણોસર તેમનો કાર્યકાળ પુરો કરી શક્યા નથી.કોઈને રાજીનામાની ફરજ પડાઈ છે તો કોઈકને મારી નંખાયા છે.૭૦ વર્ષના ઈતિહાસમાં કોઈ વર્તમાન વડાપ્રધાનને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હોય તેવી આ બીજ ઘટના છે.

## ગુજરાતનું ચુંટણી તંત્ર 'આધાર'ને રહેઠાણનો નક્કર પુરાવો માનતું નથી

કેન્દ્ર સરકારે અનેક પ્રકારની સરકારી યોજનાઓમાં તથા બેન્ક ખાતાં,ઈન્કમટેક્ષ રિટર્ન સહિતના નાણાંકીય વ્યવહારો માટે આધાર કાર્ડને ફરજીયાત બનાવી દીધું છે.હાલ સુપ્રીમ કોર્ટમાં આધારને માન્ય ગણાવવા કેન્દ્ર સરકાર દલીલો કરી રહી છે.પણ ગુજરાતનું ચુંટણી તંત્ર હાલ ચાલી રહેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં આધાર કાર્ડને રહેઠાણનો પુરાવો માનવા તૈયાર નથી.

છેલ્લા પખવાડીયા દરમિયાન ચુંટણી તંત્રે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ગોઠવ્યો છે.પરંતુ, મતદાન મથકમાં હાજર બુથ લેવલ ઓફિસર અને ચુંટણી તંત્ર વચ્ચે માહિતી,જરુરી પુરાવા,પ્રક્રિયા સંદર્ભમાં કોઈ સંકલન જ નથી જેનો ભોગ નાગરિકો બની રહ્યા છે. શહેરના નવા વિકસતા વિસ્તારના નાગરિકો તેમના રહેઠાણ નજીકની પ્રાથમિક શાળામાં સુધારણા માટે ગયા ત્યારે તેમને બુથ લેવલ ઓફીસર દ્વારા મતદાન યાદીમાં નામ ઉમેરવા માટે ફોર્મ નંબર છ આપી તેની સાથે રહેઠાણના પુરાવા તરીકે આધાર કાર્ડની નકલ જોડવા જણાવાયું હતું.

જો કે અમદાવાદ કલેકટર ઓફીસમાં ચુંટણી શાખાના સ્ટાફે આ ફોર્મ સ્વીકારવાનો એમ કહીને ઈન્કાર કરી દીધો હતો કે આધાર કાર્ડ ઓળખના પુરાવા તરીકે ચાલે પણ રહેઠાણના પુરાવા તરીકે તો નહીં જ ચાલે.તે માટે લાઈટ બિલ જમા અથવા બિલ્ડર એલોટમેન્ટ લેટર કે ઈન્ડેક્ષની નકલની જરુર પડશે. બાકી, આ આધાર કાર્ડ તો નહી જ ચાલે.બુથ લેવલ ઓફિસરને રાજયના અન્ય જિલ્લામાંથી અમદાવાદમાં નામ તબદિલ કરાવવાનું હોવાનુ જણાવતાં તેમણે આ માટે ફોર્મ નંબર સાત આપ્યું હતું. તેની સાથે માત્ર જુના મતદાર કાર્ડની નકલ જોડવા જણાવ્યુ હતું.

જો કે અમદાવાદ કલેકટરની ઓફીસની ચુંટણી શાખના સ્ટાફે કહી દીધુ હતું કેઆ ફોર્મ આપવા તમારે અન્ય જિલ્લામાં જ્યાં નામ હોય ત્યાં જવું પડશે.અહી આ ફોર્મ સ્વીકારાશે નહીં.હાલમાં તમામ ડેટાબેઝ ઓનલાઈન છે ત્યારે પણ કોઈપણ નાગરિકને જે તે જિલ્લા કે બહારના રાજયમાં ધકેલવા કેટલા ઉચિત કહેવાય ?

## શિવસેનાએ બિહારમાં ભાજપે કરેલા જોડાણને વખોડતાં એનડીએ પર આકરા પ્રહારો કર્યા

તાજેતરમાં બિહારમાં ગઠબંધનની સરકારમાંથી છુટા પડીને નીતિશકુમારે ભાજપ સાથે જોડાણ કર્યુ તેને શિવસેનાએ આકરા શબ્દોમાં વખોડ્યું હતું.બિહારના રાજકીય ઘટનાક્રમ પર કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ ભાજપ પર આકરા પ્રહારો કરતાં સવાલ કર્યો હતો કે શું ભાજપે નીતિશકુમાર સાથે ગઠબંધન પાકિસ્તાની ખુશી માટે કર્યુ છે ? શિવસેનાના મુખપત્ર સામનામાં લખાયેલા સંપાદકીયમાં જણાવાયું હતું કે વર્તમાન રાજનીતિમાં નૈતિકતા અને આદર્શોને કોઈ સ્થાન નથી.સંપાદકીયમાં ભાજપના અધ્યક્ષ અમિત શાહના એ નિવેદનનો ઉલ્લેખ કરાયો છે કે જેમાં તેમણે બિહાર વિધાનસભા ચુંટણી વખતે કહ્યુ હતું કે જો રાજયમાં નીતિશકુમારની જીત થાય તો પાકિસ્તાન તેના માટે ખુશી મનાવશે. શિવસેનાએ કહ્યુ હતું કે કુમાર સાથે ગઠબંધન થાય પછી શું હવે પાકિસ્તાન ખુશી મનાવી રહ્યું છે.



સંપાદકીયમાં લખેલું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે કુમારને પોતાની સાથે રાખીને વિપક્ષી દળો પાસેથી તેમના વડાપ્રધાન પદના એક ઉમેદવારને ઝુંટવી લીધા છે.નીતિશ સાથે હાથ મિલાવી ભાજપે હવે પોતે જ પાકિસ્તાનને ખુશ કરી દીધું છે.

શિવસેના પ્રમુખ ઉદવ ઠાકરે સામનામં કહ્યું છે કે કુમારના આવવાથી એનડીએને પોતાનો જુનો મિત્ર મળી ગયો છે.પરંતુ નીતિશકુમારે એનડીએ સાથે સબંધ તોડતી વખતે મોદી વિશે જે કંઈ કહ્યુ હતું તેનું શું ?તેનો હવે કોઈ અર્થ નથી.

## મુંબઈમાં નવનિર્માણ સેનાએ ગુજરાતી સાઇન બોર્ડનો વિરોધ કર્યો

મુંબઈમાં ફરીથી એકવાર ગુજરાતી ભાષાના વિરોધનું ભુત સળવળ્યું છે.મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનો ચુંટણીઓમાં ગજ વાગ્યો નહોતો અને તેને ભારે પીછેહઠ કરવી પડી હતી તેથી શાંત બની ગયેલી આ સેનાએ ફરીથી સળવલાટ કર્યો છે.રાજ ઠાકરેના પક્ષ નવનિર્માણ સેનાના કાર્યકરોએ દાદરમાં એક જ્વેલરી શોપ અને માહિમમાં એક હોટેલ પર જઈને વિરોધ પ્રદર્શન કર્યા હતા.અને આ બંન્નેના ગુજરાતી સાઈન બોર્ડ હટાવી લેવા કહ્યુ હતું.વિરોધ અને ધમકીને પગલે બંન્ને જગ્યાઓના માલિકોએ ગુજરાતી સાઈન બોર્ડ હટાવી લીધા હતા.

પોલીસે માહિમમાં ગેરકાયદેસર રીતે ટોળું ભેગું થવાના મામલે એમએનએસના સાત કાર્યકરોની ધરપકડ કરી હતી.આસિ.પોલીસ કમિશ્નર સુનિલ દેશમુખે કહ્યુ કે પ્રથમ કેસમાં મનસેના કાર્યકરો દાદરમાં બપોરે બાર વાગ્યે પી.એન.ગાડગીલ જ્વેલર્સની બહાર ભેગા થયા હતા.

જેનું બોર્ડ ગુજરાતીમાં લગાવાયેલું હતું.વિરોધ બાદ માલિકે બોર્ડ હટાવી લીધું હતું. ત્યાર પછી કાર્યકરો માહિમ જંકશન ખાતે ગયા હતા એ જ્યાં શોભા હોટલને તેમણે નિશાન બનાવી હતી.હવે મનસે દ્વારા ગુજરાતીઓએ ચુંટણીઓ સેનાને હરાવવામાં અગત્યનો ફાળો આપ્યો હોવાનું તેઓ માની રહ્યા છે. અને ભાજપને ચુંટણીઓમાં જીતાડવામાં ગુજરાતીઓનો ફાળો અગ્રેસર રહ્યો હતો. જેને લીધે તેઓ ગુજરાતીઓ સામે રોષે ભરાયા છે.આ પહેલું પગલું છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

દેશનું રાજકારણની અવદશા ગંભીર બની રહી છે.વિપક્ષોમાં કરાતી તોડફોડ અને તેમાં ઉભા કરતા વિખવાદો,સત્તારુઢો તરફથી સાણસામાં લઈને વિપક્ષી નેતાઓની કમર તોડી નાંખવાની વૃત્તિ લોકશાહીના માળખાને ધ્વંશ કરવા તરફ જઈ રહી છે. આ એક એવી પરિસ્થિતિ છે જેમાં લોકતંત્ર ઉપર સરમુખત્યારશાહી સવાર થઈ રહી છે તેવું દેખાઈ રહ્યું છે.લોકશાહીના જે અર્થો હતા તે પૈકી લોકો માટેની સરકાર હવે આ કહેવાતો અર્થ બદલાઈ રહ્યો છે.સરકારે લીધેલા નિર્ણયોમાં લોકો જે હાડમારીઓનો ભોગ બન્યા છે તે અને તેના વિરોધી સુરોને દબાવી દેવા માટે જે સરકારી પ્રયત્નો છે તે લોકશાહી માટે ખતરારુપ છે.જે નિર્ણયોનો લોકો વિરોધ કરે છે તે બાબતમાં સરકારે ઉંડા ઉતરીને તેમાં લોકોપયોગી નિર્ણયો તૈયાર થાય તેવું કરવા માટેની સંપુર્ણ તૈયારી હોય તોજ તેને લોકોની સરકાર કહેવાય.પરંતુ અહીયા આ બાબત દેખાતી નથી.માત્ર એટલું જ દેખાય છે કે જે નિર્ણય કરવામાં આવ્યો છે તે તમારે સ્વીકારી લેવાનો તેમાં દખલ કે વિરોધ કરવાનો નહિ.નહિતર ફાંસલો તમારા ગળામા આવી પડશે જેની તમને ખબર જ નહીં પડે.

## ગુજરાત,રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિ, ભારે વરસાદઅને નદીઓના પુરને કારણે જનજીવન ખોરવાયું

ગુજરાત,રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદને કારણે નદીઓમાં આવેલા વિનાશક પુરને કારણે જનજીવન ઉપર ભારે અસરો પડી છે.પુરગ્રસ્ત સ્થિતિથી ચારેકોર તારાજી દેખાઈ રહી છે.અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિમાં છે.અમદાવાદ શહેરની વાત કરીએ તો ભારે વરસાદે રસ્તાઓ રફેદફે કરી નાંખ્યા છે.લગભગ રોડ એવા બિસ્માર હાલતમાં આવી ગયા છે કે હવે લોકોને કોર્પોરેશનના તંત્ર ઉપર ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ગુજરાત,સોરાષ્ટ્રમાં કચ્છમાં કે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે નદી નાળાઓ ઉભરાતાં રોડ તણાઈ ગયા છે.કેટલીક જગ્યાઓ પર રેલના પાટા નીચેથી માટી ધોવાઈ જતાં પાટાઓ અધ્ધર લટકી રહ્યા છે.કેટલાક બિસ્માર પુલો તુટી ગયા છે. નાના મોટા તળાવો કે બંધોની પાળો તુટી ગઈ છે પરિણામે ચારેકોર ભારે નુકશાન થયુ છે. ગુજરાતના બનાસકાંઠા વિસ્તારમાં વરસાદે ભારે કેર વર્તાવ્યો છે. અનેક લોકોની જીંદગી હણાઈ છે તો ઢોરઢાંખરનો સફાયો થઈ ગયો છે. તેની અસર રોજ બરોજ દુધની આવકો પર પડી છે.ડેરી સંઘોમાં દુધની આવકમાં ઘટાડો થયો છે.અમુલ બ્રાન્ડનું માર્કેટીંગ કરનાર ગુજરાત કો.ઓ.મિલ્ક ફેડરેશન લી.સાથે સંકળાયેલા ડેરી સંઘોમાં દુધની આવક પ્રતિદિન ૧૪૫લાખ લિટરથી ઘટીને હાલમાં ૧૧૯ લાખ લિટર થઈ ગઈ છે.આમ દુધની આવકમાં ૨૬ લાખ લિટરનો ઘટાડો થયો છે.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## દેશના ૧૩માં રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીના માનમાં વિદાય સમારંભ યોજાયો

દેશના ૧૩માં રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીની મુદત પુરી થતાં તેમના માટે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. વડાપ્રધાન મોદી અને અનેક મંત્રીઓની હાજરીમાં તેમને વિદાય આપવામાં આવી હતી.આ પ્રસંગે પ્રણવ મુકરજીએ પોતાના વિદાય પ્રવચનમાં પોતાના સંસદીય કાર્યકાળ દરમિયાન તમામ ચડ-ઉતર, શિખામણ અને જુની યાદોનો ઉલ્લેખ કર્યો હતો.તેમણે જવાહરલાલ નહેરુથી માંડીને ઈન્દીરા ગાંધી અને લાલકૃષ્ણ અડવાણી, સોનિયા ગાંધી અને નરેન્દ્ર મોદી સહિતના તમામ નેતાઓ સાથે કરેલા કામોના અનુભવની આપલે કરી હતી. જો કે તેમણે સંસદમાં હોબાળાના કારણે સમયમાં થતાં બગાડ અંગે પણ ચિંતા દર્શાવી હતી.

પ્રણવ મુકરજીએ કહ્યુ કે "સંસદે મને એક માણસ તરીકે નિર્મિત કર્યો છે.લોકશાહીના આ મંદિરમાં મારી રચના થઈ હતી. મને ભાવુકતાનો અહેસાસ થઈ રહ્યો છે. હું ૩૭ વર્ષ સુધી રાજ્યસભા અને લોકસભાનો સભ્ય રહ્યો છું.શાનદાર વિદાય સમારંભ માટે તમામનો આભાર."

હુ પાંચ વખત રાજ્યસભા અને બે વખત લોકસભાનો સભ્ય રહી ચુક્યો છું.હું ચાર વખત પશ્ચિમ બંગાળ અને એક વખત ગુજરાતમાંથી રાજ્યસભામાં મોકલવામાં આવ્યો હતો.૩૪ વર્ષની વયે સંસદમાં પહોચીં ગયો હતો.પુર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધી મારા માર્ગદર્શક હતા. મે વરિષ્ઠો પાસેથી ઘણું શીખ્યું છે.પોતાના સંસદીય કાર્યકાળ દરમિયાન ડો.મનમોહસિંહ,લાલકૃષ્ણ અડવાણી,સોનિયા ગાંધી જેવા નેતાઓ પાસેથી ઘણો અનુભવ મેળવ્યો છે.

તેમણે કહ્યું કે હવે હું સંસદનો ભાગ નથી રહેવાનો.યાદોનું ઈન્દ્રધનુષ્ય લઈને હું જઈ રહ્યો છું.તેમણે સંસદના બન્ને સભ્યોનો આભાર માન્યો હતો.૨૦૧૨માં રાષ્ટ્રપતિ બનાવી દેવાતામાં મારી સંસદની સફર પુરી થઈ હતી.પરંતુ જોડાણ એવું જ રહ્યુ હતું.આ દેશમાં તમામ પ્રકારના લોકો એક જ



બંધારણને અનુસરે છે.આ જ આ દેશની ખુબસુરતી છે.બંન્ને ગૃહો દેશની જનતાનો અવાજ છે.હું મોદીની એનર્જીનો ચાહક છું.તેમની સાથે અનેક સારી યાદોને લઈને જઈ રહ્યો છું.સુમિત્રા મહાજને સંસદ તરફથી મુકરજીને મોમેન્ટો ભેટમાં આપ્યા હતા.



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

## ડોકા લા વિવાદમાં ચીની સેનાએ ભારતને સીધી યુધ્ધની ધમકી આપી દીધી

સિક્કીમમાં ડોકા લા નજીક છેલ્લા એક મહિનાથી સર્જાયેલા સરહદી વિવાદમાં પહેલી વાર ચીની સેનાએ નિવેદન આપ્યું છે.ચીની સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા વુ કિવઆને જણાવ્યુ હતું કે પોતાના પ્રદેશની સુરક્ષાની ચીનની ક્ષમતા અંગે ભારતે કોઈ ભ્રમણામાં રહેવાની જરુર નથી.ભારતે આ મામલાને નસીબને હવાલે કરી દેવો જોઈએ નહી.સરહદની સુરક્ષા માટે ભારતે ચીનની શરતો માની વ્યવહારુ પગલાં લેવા જોઈએ.

ક્વિઆને જણાવ્યુ હતું કે ચીનની સેનાઓ ૯૦ વર્ષનો ઈતિહાસ અમારી ક્ષમતા સાબિત કરે છે.એક પહાડને ધ્રુજાવવો સહેલો છે પરંતુ ચીનની પીપલ્સ લિબરેશન આર્મીને ધ્રુજાવવી અઘરી છે.ચીન તેના પ્રદેશની સુરક્ષા અને જાળવણી માટે પોતાની ક્ષમતા સતત વધારી રહ્યો છે.કોઈપણ પ્રકારની મંત્રણા માટે ભારતે તેના સૈનિકો ડોકા લામાંથી પાછા ખેચવા જોઈએ. ભારત તેની ભુલ સુધારવા માટે પગલાં લે અને ઉશ્કેરણી કરવાનું બંધ કરે.ક્વિઆને જણાવ્યુ હતું કે ચીની સેનાએ પ્રદેશમાં તાકીદના પગલાં લીધા છે અને સેનાની તહેનાતી તથા કવાયતોમાં સતત વધારો કરશે. અમે અમારી સ્વાયતતાની સુરક્ષા માટે પ્રતિબધ્ધ છીએ અને કોઈપણ કિંમતે અમે ચીનની સ્વાયતતાનું રક્ષણ કરીશું.

ડોકા લામાં ભારત અને ચીન વચ્ચે સર્જાયેલા સરહદી વિવાદ પર દર આંતરે દિવસે ચીનની સરકાર અને સરકારી મીડીયા દ્વાર યુધ્ધની ધમકીઓ ઉચ્ચારવામાં આવતી હતી. પહેલીવાર ચીની સેનાએ સત્તાવાર નિવેદન દ્વારા ભારતને યુધ્ધની ધમકી આપી છે.મીડીયાને આ વિસ્તારમાં કવરેજ કરવા માટે જવાની મનાઈ છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક:એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## પુર પીડીતોની પડખે સરકાર અને સમાજ

## મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપવા મુખ્યમંત્રીશ્રીની અપીલ

ગુજરાતમાં ભારે વરસાદ અને પુરની કુદરતી આપત્તિમાં પીડિતોની પડખે રહી તેમને જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ આપવા સહિત મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અપીલ કરી છે.

# મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં કેવી રીતે ફાળો આપી શકાશે ?

મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ફાળો આપવા માટે
"Chief Minister Relief Fund"
અથવા મુખ્યમંત્રી રાહતનિધિ ના નામે ચેક/ડ્રાફ્ટ
મોકલાવ અથવા નેટ બેકિંગથી પણ જમા કરવા વિનંતી

બેક એકાઉન્ટની વિગત
સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા
ન્યુ સચિવાલય(૦૮૪૩૪)શાખા,સચિવાલય,ગાંધીનગર
બેન્ક એકાઉન્ટ નંબર :૧૦૩૫૪૯૦૧૫૫૪
IFSC Code : SBIN0008434

ચેકથી મોકલવાનું સરનામું
સચિવશ્રી,મુખ્યમંત્રીશ્રીનું રાહતફંડ,મહેસુલ વિભાગ
બ્લોક નં.૧૧,૭મો માળ,સચિવાલય,ગાંધીનગર-૩૮૨૦૧૦

જિલ્લાકક્ષાએ કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીને તથા તાલુકાકક્ષાએ મામલતદારશ્રીને મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિ ફાળો સ્વીકારવા અધિકૃત કરેલા છે.

મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં અપાયેલ ફાળો આવકવેરા ધારાની કલમ ૮૦જી હેઠળ ૧૦૦ ટકા કરમુક્તિને પાત્ર છે.

આવો....
મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપી આપણે સૌ પુરપીડીતોને પડખે હોવાનો અહેસાસ કરાવીએ.

શ્રી વિજય રૂપાણી, મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય

# બુલધાનામાં ઇવીએમ મશીનમાં ગરબડની કબુલાત કરતાં ચુંટણી અધિકારીઓ

મહારાષ્ટ્રના બુલધાનામાં ઈલેકટ્રોનિક્સ વોટિંગ મશીનમાં ગરબડ થઈ શકે છે તેવા વિપક્ષોના આક્ષેપોને સમર્થન આપે તેવી ઘટના જાણમાં આવી છે અને તે બાબતે ચુંટણી અધિકારીઓએ સમર્થન આપ્યું છે.મહારાષ્ટ્રના બુલધાનામાં જિલ્લા પરિષદની તાજેતરમાં યોજાયેલી ચુંટણીમાં ઉપયોગમાં લેવામાં આવેલા ઈવીએમ માં ખામી જોવા મળી છે.મહારાષ્ટ્રના વિદર્ભમાં થયેલા મતદાનમાં આ ઈવીએમ માં અપક્ષ ઉમેદવારને અપાતા મતો ભાજપના ઉમેદવારને અપાતા હતા હોવાનું જાણીને ખળભળાટ વ્યાપી ગયો છે.જિલ્લા અધિકારીઓએ પણ ઈવીએમ મશીનની આ ખામીનો સ્વીકાર કર્યો હતો.

આરટીઆઇ કાર્યકર અનિલ ગલગલીએ બુલધાના જિલ્લા કલેકટર કચેરીમાં આ મામલે અરજી કરી હતી.૧૬ ફેબ્રુઆરીના રોજ થયેલી ચુંટણીમાં સ્વતંત્ર ઉમેદવાર આશાતાઇ અરુણ ઝોરે અને તેમના પ્રતિનિધિઓએ આક્ષેપ કર્યો હતો કે તેમની તરફેણમાં મતદાન થાય તો પણ ઈવીએમ મશીનમાં ભાજપના ઉમેદવાર સામેની એલઈડી લાઈટ ઝબુકતી હતી. સુલ્તાનપુરમાં એક ઈવીએમ માં આ ખામી હતી.સેન્ટર ઈન્ચાર્જ રામનારાયણ સાવંત અને ચુંટણી અધિકારી માણિકરાવ બાઝાદના હસ્તાક્ષર ધરાવતાં એક રિપોર્ટમાં જણાવાયું હતું કે મતદાતાએ આશરે ૧૦ વાગ્યાના આસપાસ આ ફરિયાદ કરી હતી.એ પછી પણ અનેક ફરિયાદ થઈ હતી.જે સાચી હોવાનું સાબિત થયું છે.આ બાબત આસિસ્ટંટ રિટર્નિંગ ઓફીસરના ધ્યાનમાં લાવવામાં આવી હતી.બુલધાનાની આ ઘટના પછી હવે વિપક્ષો ફરી એક વાર ઈવીએમમાં ગરબડનો મુદ્દો ઉઠાવશે અને સરકારને ઘેરવારો પ્રયાસ કરશે તેવી શક્યતાઓ છે.ચુંટણી અધિકારીઓએ કલેકટરને રિપોર્ટ મોકલ્યા બાદ આ બુથનું મતદાન રદ કરી દેવાયું હતું. અને ગરબડી ધરાવતું ઈવીએમ સીલ કરી દેવાયું હતું.અને તેના સ્થાને નવું ઈવીએમ ગોઠવાયું હતું. એ પછી ફેરમતદાનની માંગણી સ્વીકારીને પાંચ દિવસ બાદ એટલે ૨૧ ફેબ્રુઆરીએ ફરીથી મતદાન કરાયું હતુ.

# તામીલનાડુમાં શાળા,સરકારી, ખાનગી કચેરીઓમાં વંદેમાતરમ ફરજીયાત બનાવાયું

મદ્રાસ હાઈકોર્ટે તામિલનાડુમાં શાળાઓ,સરકારી કચેરીઓ, તેમજ ખાનગી ઓફીસો તથા ફેકટરીઓમાં વંદે માતરમ ગાન ફરજીયાત બનાવ્યું છે.મદ્રાસ હાઈકોર્ટના જસ્ટીસ મુરલીધરને જણાવ્યુ હતું કે શાળાઓમાં સપ્તાહમાં એક વખત સોમવાર અને શુક્રવારે વંદે માતરમ ગાન ફરજીયાત કરવું પડશે.તેવીજ રીતે સરકારી કચેરીઓ, ખાનગી ઓફિસો અને ફેકટરીઓમાં મહિનામાં એકવાર રાષ્ટ્રગાન ફરજીયાત ગાવું પડશે.

જસ્ટીસ એમ.વી.મુરલીધરને જણાવ્યુ હતું કે રાજ્યની ખાનગી અને સરકારી શાળાઓમાં સપ્તાહમાં એક વાર અને અન્ય સરકારી તથા ખાનગી સંસ્થાનોમાં મહિનામાં એકવાર વંદે માતરમ ગાન થવું જોઈએ. તેમણે જણાવ્યુ હતું કે જો કોઈ બંગાળી અથવા સંસ્કૃતમાં રાષ્ટ્રગાન કરવામાં મુશ્કેલી પડે તો તામિલમાં ભાષાંતર કરવાનું પગલું ભરી શકાય. તેમણે જણાવ્યું હતું કે દેશના યુવા આવતીકાલનું ભાવી છે, અદાલતને આશા અને વિશ્વાસ છે કે આ આદેશને સાચા અર્થમાં લેવામાં આવશે અને દેશના નાગરિકો દ્વારા અમલી બનશે.

જસ્ટીસ એમ.વી.મુરલીધરનને પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી હતી કે જો કોઈ વ્યક્તિ કે સંગઠન વંદે માતરમ્ ગાવામાં કે વગાડવામાં તકલીફ હોય અને તેમના દ્વારા યોગ્ય કારણ રજુ કરાય તો તેમને વંદે માતરમ ગાવાની ફરજ પાડી શકાશે નહીં.

જો આ નિર્ણય બાદ કેટલાક વિવાદિત નિવેદનો પણ આવ્યા હતા કે સરકાર કોમવાદને પ્રોત્સાહન આપવા માંગે છે. તો હિદુત્વને દાખલ કરવા માંગે છે.પરંતુ હવે આ વિવાદનો મધપુડો ભવિષ્યમાં શું રંગ લાવે છે તે જોવાનું રહ્યું.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344, (R)0091-2692-260332




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

# ઓગષ્ટના અંત સુધીમાં રિઝર્વ બેન્ક રૂ.૨૦૦ની નોટ બજારમાં ઉતારે તેવી સંભાવના વ્યકત કરાઇ રહી છે

ભારતીય રિઝર્વ બેન્ક બજારમાં નાની નોટો એટલે કે રુ.૫૦ રુ.૧૦૦ અને રુ.૨૦૦ની નોટોનો પુરવઠો ઠાલવવા તૈયારી કરી રહી હોવાના સમાચારો વહેતા થયા છે.નોટબંધીમા રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો બંધ કર્યા બાદ સરકારે રુ.૨૦૦૦ની નોટો બજારમાં મુકી હતી પરંતુ તેનાથી લોકોમાં અસંતોષ વ્યાપ્યો હતો.નાની ચલણી નોટો બજારમાં મુકવાનો મતબલ રુ.૨૦૦૦ની નોટ બંધ કરવાનો તખ્તો ઘડાઈ રહ્યો હોય તેમ જણાય છે.એસબીઆઈ ૫૦૦ની નોટને વદુ સ્થાન મળે તે રીતે એટીએમને રિકેલિબ્રેટ કરી રહી છે.નાણાં મંત્રાલયના સુત્રોનું કહેવુ છે કે રિઝર્વ બેન્કે રુ.૨૦૦૦ની નવી નોટો છાપવાની દરખાસ્ત ફગાવી દીધી છે.જો કે બાકીની નાની ચલણની નોટ છાપવાની દરખાસ્તને મંજુરી આપી છે.

નાની ચલણની નોટોનો પુરવઠો વધારવા પર ભાર મુકવાથી બે ફાયદા છે. એકતો તેનાથી બનાવટી નોટો પર લગામ આવશે તો બીજી બાજુ સરકાર ઈચ્છે છે કે રોકડની અછત સર્જાશે તો લોકો કાર્ડથી પેમેન્ટ કરવાની દિશામાં આગળ વધશે.મોટી ચલણની નોટની અછત થાય તો લોકને કેશથી પેમેન્ટ કરવામાં મુશ્કેલી પડશે. એવામાં તેઓ કાર્ડ ઉપરાંત ઓનલાઈન પેમેન્ટ તરફ વળશે.જેને કારણે કેસલેશ ઈકોનોમીને પ્રોત્સાહન મળશે. જો કે સરકારી ધારણાઓ સફળ થઈ નથી. નોટબંધીને કારણે દેશના વિકાસમાં ભારે ફટકો પડ્યો છે.નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો ઠપ્પ થઈ ગયા છે.

# ટામેટાના અચ્છે દિન આવી ગયા છે કે તેની સલામતી માટે સશસ્ત્ર સુરક્ષાકર્મીઓ તહેનાત કરવા પડે છે

એનડીએ સરકારના આવ્યા બાદ દેશમાં જે પ્રકારે વિવિધ ઉથલપાથલો થઈ રહી છે તેમાં હવે શાકભાજીના મોખરામાં આવતાં ટામેટા માટે સશસ્ત્ર સુરક્ષાકર્મીઓ તહેનાત કરવા પડ્યા છે.અચ્છે દિન ટામેટાના પણ આવી શકે છે. વડાપ્રધાને દેશની જનતાને અચ્છે દિનનો ભરોસો આપ્યો હતો પરંતુ જનતા માટે તેમ થઈ ના શક્યું પરંતુ ટામેટા માટે અચ્છે દિન આવી ગયા તે નક્કી છે.

ઈન્દોરમાં શાકભાજીના એક માર્કેટમાં ટામેટાની ટ્રકની સલામતી માટે સશસ્ત્ર સુરક્ષાકર્મીઓ તહેનાત કરવામાં આવ્યા હતા.ટ્રકમાંથી ટામેટા ઉતારતી વખતે તેની લુંટ કે ચોરી ના થાય માટે આ પગલું ભરવામાં આવ્યુ હતું.ટામેટાના ભાવ આસમાને પહોચી ગયા હોવાથી સામાન્ય માણસને તેની ખરીદી કરવાનું પોષાય તેમ નથી. મુંબઈ સહિતના સ્થળો પર ટામેટાની ચોરી અને લુંટની ઘટનાઓ બની છે.જેને ધ્યાનમાં રાખીને મધ્યપ્રદેશના ઈન્દોરની આ મંડીમાં ટામેટાની સલામતી માટે ગાર્ડ રાખવામાં આવ્યા હતા.

ગત સપ્તાહે મુંબઈમાં ૩૦૦ કીલો ટામેટાની ચોરી થઈ હતી.હાલમાં ટામેટાના ભાવ રુ.૧૫૦ કીલો દીઠ ચાલે છે.આ કારણથી વેપારીઓ સાવચેત થયા હતા.અને પોલીસ પાસે રક્ષણની માંગણી કરી હતી.ટામેટાના ભાવ ઉંચા ચઢી જવાને કારણે લુંટ કે ચોરીની ઘટના બની શકે છે.સાદા સુરક્ષા કર્મીની જગ્યાએ સશસ્ત્ર ચોકી પહેરો હોવાને કારણે આવી ઘટના બનતી રોકી શકાય તે હેતુથી આ પગલું લેવાયું હતું.હાલમાં ઈન્દોરમા રોજની ૧૧થી વધુ ટ્રકો ટામેટાની આવકમાં છે.ટામેટાનું વેચાણ પણ સુરક્ષા કર્મીઓની હાજરીમાં જ થાય છે.ખેદની વાત તો એ છે કે ટામેટાનું બમ્બર ઉત્પાદન થયુ હોવાથી તેના ભાવ મળતા નહોતા તેથી ખેડુતોએ જાહેર રસ્તાઓ પર ટામેટા ફેંકી દીધા હતા.અને એક તબક્કે ટામેટાનો ભાવ ૧ કીલોનો રુ.એક થઈ ગયો હતો.પરંતુ હવે તે સૌથી મોંઘી શાકભાજી બની ગઈ છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.